# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-01-2026 Day: Sunday Morning : 6.40 to 6.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## PM-વારાણસી:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વારાણસીમાં 72મી રાષ્ટ્રીય વોલીબોલ ટુર્નામેન્ટનું વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ઉદ્ઘાટન કરશે. આ ટુર્નામેન્ટમાં વિવિધ રાજ્યો અને સંસ્થાઓની 58 ટીમોના એક હજારથી વધુ ખેલાડીઓ ભાગ લેશે. આ ટુર્નામેન્ટ 11 જાન્યુઆરી સુધી ચાલશે.

--------------------------------------------------------------------------------------------

## ચૂંટણી પંચ-ECINet એપ:

ચૂંટણી પંચે તમામ નાગરિકોને ECINet એપ ડાઉનલોડ કરવા અને આ એપ પર 'સૂચન સબમિટ કરો' ટેબનો ઉપયોગ કરીને તેને વધુ સારી બનાવવા માટે સૂચનો આપવા આમંત્રણ આપ્યું છે. નાગરિકો આ મહિનાની 10મી તારીખ સુધી તેમના સૂચનો મોકલી શકે છે. ECI Net એપ એ નાગરિકો માટે એકીકૃત એપ છે જે અગાઉની 40 અલગ ચૂંટણી સંબંધિત એપ્લિકેશનો જેમ કે વોટર હેલ્પલાઇન એપ, cVIGIL, સક્ષમ, મતદાન વલણો અને તમારા ઉમેદવારને જાણો એપને એકીકૃત કરે છે.

--------------------------------------------------------------------------------------------

## રાજ્ય-નમોશ્રી યોજના:

રાજ્યમાં ગત એક વર્ષમાં નમોશ્રી યોજના હેઠળ સાત લાખથી વધુ લાભાર્થીને સરકાર દ્વાર 437 કરોડ, રૂપિયાથી વધુની રકમ ચૂકવવામાં આવી છે. રાજ્યની સગર્ભા મહિલાઓ આ યોજનાનો બે પ્રસુતિ સુધી લાભ લઈ શકે છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, 'નમો શ્રી યોજના' હેઠળ રાજ્યમાં, આરોગ્ય અને પોષણમાં સુધારો લાવવાના હેતુસર, સગર્ભા માતા તેમજ ધાત્રિ માતાને કુલ 12 હજાર રૂપિયાની સહાય ચાર તબક્કાવાર સીધા જ તેમના બેન્ક ખાતા - DBT મારફતે અપાય છે. આ માટે વાર્ષિક કુલ 488 કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ કરવામાં આવી છે.

---

## કચ્છ-ખરાફ પાક-ખરીદ વેચાણ:

ખરીફ 2025-26માં પ્રાઈઝ સપોર્ટ સ્કીમ હેઠળ કચ્છમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ગત નવેમ્બર માસથી ખરીદી ચાલુ કરવામાં આવી હતી, જેમાં જિલ્લાના આઠ તાલુકામાં 10 સેન્ટરમાં ખરીદી કરાઈ હતી, જે અંતર્ગત મગફળી પાકમાં 13,946 ખેડૂત દ્વારા ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું, જેમાંથી 9,628 ખેડૂતો દ્વારા 22,418.97 ટન મગફળીનું વેચાણ કરવામાં આવ્યું છે.

આ ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા રૂા. 16,282.91 લાખની ચૂકવણીની પ્રક્રિયા હાલમાં ચાલુ છે. મગ, અડદ અને સોયાબીન પાકમાં કુલ 804 ખેડૂત દ્વારા ઓનલાઇન રજિસ્ટ્રેશન થયું હતું, જેમાંથી 218 ખેડૂત દ્વારા 339.6 ટનનું વેચાણ કરવામાં આવ્યું છે. આ તમામ ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા રૂા. 202.43 લાખની ચૂકવણીની પ્રક્રિયા હાલમાં ચાલુ છે, તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી કચ્છ- ભુજ દ્વારા જણાવાયું છે.

---

## ગાંધીધામ વાઈબ્રન્ટ કાર્યક્રમ:

ગાંધીધામના જિલ્લાકક્ષાના વાઈબ્રન્ટ કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં મિનરલ પ્રોસેસિંગની અપાર સંભાવનાઓ વિશે વિચાર વિમર્શ કરવા તેમજ કચ્છ ઈકોનોમિક માસ્ટર પ્લાન મુજબ જિલ્લામાં "મિનરલ પ્રોસેસિંગ ઝોન" બનાવવા અંગેના વિષયનો વિશેષ સેમિનાર શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાની અધ્યક્ષતામાં ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ

ભવન ખાતે યોજાયો હતો. આ સેમિનારમાં 150થી વધુ મિનરલ પ્રોસેસિંગ સાથે સંકળાયેલા જાહેર સાહસો તેમજ કચ્છની મિનરલ પ્રોસેસિંગ કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈએ કચ્છ જિલ્લામાં અનેક ખનીજ સંપદાઓ આવેલી છે અને તેના પ્રોસેસિંગને લઈને વિવિધ ઈન્ડસ્ટ્રીઝ આગળ આવે તેમ અનુરોધ કરીને જણાવ્યું કે, કચ્છમાં જીએમડીસી સહિતના ઉદ્યોગોથી લોકજીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે.તેમણે કચ્છ જિલ્લામાં એગ્રી ફૂડ પ્રોસેસિંગ, પોર્ટ, ફિશરિઝ, ગ્રીન હાઈડ્રોજન વગેરે ક્ષેત્રોના આયોજનબદ્ધ રીતે વિકાસ અંગે માહિતી સૌને પુરી પાડી હતી.

---------------------------------------------------------------------------------------------------

## રોડ ટુ હેવન-પક્ષીઓનો મેળો:

પાછોતરા લાંબા ચાલેલા વરસાદને કારણે કચ્છના પ્રવાસનની ઓળખસમા સફેદ રણની જગ્યાએ ખાસ કરીને રોડ ટુ હેવન આસપાસના પટ્ટામાં પાણી સૂકાયું ન હોવાથી સફેદ રણ બન્યું નથી, પરંતુ ધોળાવીરા પાસે શિરાનીવાંઢ તરીકે પ્રસિદ્ધ ખારોપાટ જ્યાં સુરખાબ સાથે અન્ય હજારો પક્ષીઓનો મેળો રચાયો છે,નાના-મોટા સુરખાબ ઉપરાંત ગજપાવ, પેલીકન, સ્પૂનબિલ સ્લેન્ડર બિલ્ડ ગલ્સ અને અન્ય ગલ્સ, પાઇડ એવોસેટ, સૌથી મોટી ટર્ન કેસ્પિયન ટર્ન અને અન્ય નાના વેડર્સ પક્ષીઓનો કુંભમેળો જામ્યો હોય એવું લાગે છે. જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન:

પશ્ચિમી વિક્ષોભની અસર તળે સર્જાયેલી માવઠાંની અસર ઓસરતાની સાથે જ કચ્છની સાથે રાજ્યમાં પોષી પૂનમથી કડકડતી ઠંડીનાં મંડાણ થયાં છે. પવનની પાંખે ઠંડીએ પોતાનો અસલ મિજાજ દેખાડવાનું શરૂ કરતાં કચ્છી કાશ્મીર નલિયામાં પારો ગગડીને સાત ડિગ્રીએ પહોંચતાં વર્તમાન શિયાળાની સિઝનના સૌથી ઠંડા દિવસના અનુભવે જનજીવન ખોરવાયુ હતું. અંજાર - ગાંધીધામમાં વર્તમાન શિયાળાની સિઝનમાં પ્રથમવાર પારો નવ ડિગ્રીના એકલ

આંકમાં પહોંચ્યો હતો, તો જિલ્લા મથક ભુજમાં પણ પારો આ સિઝનના સૌથી નીચા 11.4 ડિગ્રીના આંકે પહોંચતાં સૂરજબારીથી કોટેશ્વર સુધી ઠંડીનુ જોર વધ્યુ હતું. હવામાન વિભાગે શીતલહેરની કોઇ ચેતવણી જારી કરી નથી. બે દિવસ આવો માહોલ રહ્યા બાદ પારો બેથી ત્રણ ડિગ્રી ઊંચકાવાની શક્યતા દેખાડાઇ છે.

---